# નાયબ શ્રમ આયુક્તની કચેરી,

## શ્રમ ભવન, રૂસ્તમ કામા માર્ગ, ગનહાઉસની બાજુમાં, ખાનપુર, અમદાવાદ

ક્રમાંક:ના.શ્ર.આ./અવિ/કો.લે./૨૦૨૪ ૭૪૮૩

તારીખ: 29 FEB 2024

પ્રતિ,
તમામ મુખ્ય માલિક શ્રી,
તમામ કોન્ટ્રાકટર શ્રી,

<u>વિષયઃ કોન્સોલીડેટેડ એન્યુઅલ રીટર્ન બાબત.</u>

સંદર્ભ: શ્રમ આયુક્તની કચેરીના તા.૨૬/૦૨/૨૦૨૪ નાં રોજના પત્ર ક્રમાંક શ્ર.આ.૧/સંકલન/CAR/૨૦૨૪/૩૦૭ થી ૩૧૦

શ્રીમાન,

ઉક્ત વિષય અને સંદર્ભ પરત્વે જણાવવાનું કે શ્રમ અને રોજગાર વિભાગના તા.૧૪/૦૬/૨૦૨૧ નાં જાહેરનામાં થી કોન્ટ્રાકટ મજુર (નિયમન અને નાબુદી) અધિનિયમ, ૧૯૭૦ હેઠળ નોંધાયેલ ૫૦ કે તેથી વધુ શ્રમયોગીઓને કામે રાખતી સંસ્થાઓ/કારખાના/કોન્ટ્રાકટરોએ કોન્સોલીડેટેડ એન્યુઅલ રીટર્ન દર વર્ષે ૧ લી જાન્યુઆરી થી ૧ લી માર્ચ દરમિયાન ફરજીયાત ઓનલાઈન ભરવાના રહે છે.

આમ, તમામ સંસ્થાઓ/કારખાના/કોન્ટ્રાકટરોએ કેલેન્ડર વર્ષ ૨૦૨૩ પૂર્ણ થયે શ્રમ આયુક્ત કચેરીની વેબસાઈટ **https://col.gujarat.gov.in/e-shram.htm** ઉપર <u>ઓનલાઈન</u> કોન્સોલીડેટેડ એન્યુઅલ રીટર્ન ભરવાના થાય છે. આથી આપને ગંભીર પણે સૂચિત કરવામાં આવે છે કે જેઓ સંસ્થા/કારખાના/કોન્ટ્રાકટરોનાં કોન્સોલીડેટેડ એન્યુઅલ રીટર્ન ભરવાના બાકી છે. તેઓએ <u>૧ લી માર્ચ</u> પહેલા ફરજીયાત પણે ભરી દેવા. જો કોઈ સંસ્થા/કારખાના/કોન્ટ્રાકટરોએ ઓનલાઈન રીટર્ન ભરી દીધેલ હોય, તો તેઓ માટે સદર નોટીસ પાઠવવામાં આવેલ ન હોવાનું માનવું. જો સદર રીટર્ન ઓનલાઈન ભરવામાં કસુર કરશે તો સંસ્થા/કારખાનાઓના રજીસ્ટ્રેશન અને કોન્ટ્રાકટરોના લાયસન્સ રદ કરવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવશે. જેની ગંભીર નોંધ લેવા સૂચિત કરવામાં આવે છે.

મદદનીશ શ્રમ આયુક્ત
અમદાવાદ